# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1) લોકસભા અને રાજ્યસભાના નેતાઓને લખેલા પત્રમાં, પ્રધાનમંત્રીએ તમામ સભ્યોને મહિલા અનામત કાયદામાં સુધારા પસાર કરવા માટે એક થવા હાકલ કરી.

2) ભાજપે લોકસભા અને રાજ્યસભાના તેમના સભ્યોને 16 થી 18 એપ્રિલ સુધી સંસદમાં હાજર રહેવા માટે વ્હિપ જારી કર્યો.

3) પાકિસ્તાનના પાટનગર ઇસ્લામાબાદમાં લગભગ 21 કલાકની વાટાઘાટો પછી અમેરિકા અને ઇરાન વચ્ચેની વાટાઘાટો કોઈ કરાર વિના સમાપ્ત થઈ ગઈ છે.

4) સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોંસલેનું નિધન.

5) IPL ક્રિકેટમાં, આજે લખનૌ સુપર જાયન્ટ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે અને મુંબઈ ઇન્ડિયન્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM MAHILA ANAMAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે મહિલા અનામત કાયદાને તેની સાચી ભાવનામાં લાગુ કરવાનો સમય આવી ગયો છે અને 2029ની લોકસભા ચૂંટણીઓ અને વિધાનસભા ચૂંટણીઓ મહિલાઓ માટેના ક્વોટા સાથે યોજવામાં આવશે.

સંસદની ત્રણ દિવસીય ખાસ બેઠકો પહેલા, લોકસભા અને રાજ્યસભાના ફ્લોર લીડર્સને લખેલા પત્રમાં, શ્રી મોદીએ તમામ સભ્યોને મહિલા અનામત કાયદામાં સુધારા પસાર કરવા માટે એક થવા પણ કહ્યું.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, વ્યાપક ચર્ચા-વિચારણા પછી, અમે એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે હવે દેશભરમાં નારી શક્તિ વંદન અધિનિયમને તેની સાચી ભાવનાસાથે  લાગુ કરવાનો સમય આવી ગયો છે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે 2029ની લોકસભા ચૂંટણીઓ અને વિધાનસભા ચૂંટણીઓ મહિલા અનામત સાથે યોજવી ખૂબ જ જરૂરી છે.

મહિલા અનામત કાયદો લોકસભા બેઠકોની સંખ્યા 816 સુધી વધારવા માટેનો માર્ગ મોકળો કરશે, જેમાંથી 273 મહિલાઓ માટે અનામત રહેશે.

# BJP - WHIP

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા અને રાજ્યસભાના તેમના સભ્યોને ૧૬ થી ૧૮ એપ્રિલ સુધી સંસદમાં હાજર રહેવા માટે વ્હિપ જારી કર્યો છે. વ્હિપમાં જણાવાયું કે આ સમયગાળા દરમિયાન ગૃહમાં હાજરી ફરજિયાત છે અને કોઈ રજા આપવામાં આવશે નહીં.

મહિલા અનામત વિધેયક પર ચર્ચા કરવા માટે સંસદનું ત્રણ દિવસનું વિશેષ સત્ર ૧૬ એપ્રિલથી શરૂ થઈ રહ્યું છે.

# VP - TRIBAL INDIA

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે વાસ્તવિક વિકાસ એ છે જે સમાવિષ્ટ હોય અને સમાજના દરેક વર્ગ સુધી પહોંચે. તેમણે આજે નવી દિલ્હીમાં "ટેકનોલોજી અને વિજ્ઞાન દ્વારા આદિવાસી ભારતનું પરિવર્તન" વિષય પર એક કાર્યક્રમમાં આ નિવેદન આપ્યું હતું. શ્રી રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે ભારતના આદિવાસી વિસ્તારોમાં લીલા આર્થિક વિકાસ માટે અપાર તકો રહેલી છે. તેમણે ઉમેર્યું કે જ્યારે વિજ્ઞાન ભાષા, ધર્મ અને સંસ્કૃતિની સાથે આગળ વધે છે, ત્યારે તે દરેક સમુદાયને સાચવવા અને સશક્ત બનાવવાનું સાધન બની જાય છે.

આ કાર્યક્રમમાં આઈટીઆઈ દૂન સંસ્કૃતિ વિદ્યાલયની રજત જયંતિ પણ ઉજવવામાં આવી હતી. શ્રી રાધાકૃષ્ણને જણાવ્યું કે 25 વર્ષ પહેલાં તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી દ્વારા ઉદ્ઘાટન કરાયેલ આ શાળા હજારો આદિવાસી બાળકો માટે આશાનું કિરણ છે. તેમણે ભારતની રાષ્ટ્રીય ચેતનામાં આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને ઉજાગર કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે, દિલ્હીના ઉપરાજ્યપાલ તરનજીત સિંહ સંધુએ કહ્યું કે ભારતનો આદિવાસી સમુદાય વિવિધતાનું પ્રતિનિધિત્વ કરે છે. જો કે, આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સંભાળ, શિક્ષણ, માળખાગત સુવિધાઓ અને આર્થિક તકો હજુ પણ મર્યાદિત છે.

# PM - TN BJP

પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ કહ્યું કે તમિલનાડુમાં ભાજપના કાર્યકરોએ રાજ્યમાં ડીએમકેના નબળા શાસનનો પર્દાફાશ કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે રાજ્યના ભાજપના કાર્યકરોનો આભાર માન્યો અને રાજ્ય માટે રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ) સરકારની વિકાસ યોજનાની રૂપરેખા આપી.

શ્રી મોદીએ કહ્યું કે તેઓ આવતીકાલે સાંજે "મેરા બૂથ સબસે મઝબૂત" સંવાદ કાર્યક્રમ દરમિયાન ભાજપના કાર્યકરો સાથે વાતચીત કરશે.

# INDIA-US-KWATRA

અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ કહ્યું કે ભારતની આર્થિક વિકાસ યાત્રા તેના આંતરરાષ્ટ્રીય ભાગીદારો માટે એક વિશાળ તક છે. તેમણે ભાર મૂક્યો કે અમેરિકા અને નવી દિલ્હીની સૌથી મહત્વપૂર્ણ ભાગીદારીઓમાંની એક છે.

શ્રી ક્વાત્રાએ કોલંબિયા યુનિવર્સિટી ખાતે આયોજિત કોલંબિયા ઇન્ડિયન ઇકોનોમી સમિટ 2026: 'વિકસિત ભારતની શોધ' પર એક ખાસ સંબોધન દરમિયાન આ નિવેદન આપ્યુ હતું. દ્વિપક્ષીય સંબંધોના મહત્વ પર પ્રકાશ પાડતા, શ્રી ક્વાત્રાએ કહ્યું કે ભારત-અમેરિકન ભાગીદારી સહિયારી પ્રાથમિકતાઓને આગળ વધારવા અને વિકસિત વૈશ્વિક પરિવર્તનોને મ્હાત કરવામાં "સૌથી મહત્વપૂર્ણ અને સૌથી પરિણામલક્ષી" છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત 2047 સુધીમાં 'વિકસિત ભારત' ના વિઝનને પ્રાપ્ત કરતી વખતે નાગરિકોના આર્થિક વિકાસ અને સમૃદ્ધિને આગળ ધપાવતું રહેશે.

શ્રી ક્વાત્રાએ કહ્યું કે ભારત-અમેરિકન ભાગીદારી સરકાર-થી-સરકાર, સરકાર-થી-વ્યવસાય, વ્યવસાય-થી-વ્યવસાય અને લોકો-થી-લોકોના સંબંધોને વિસ્તૃત કરે છે.

# AMARNATH YATRA

આ વર્ષે અમરનાથ યાત્રા ત્રીજી જુલાઈથી શરૂ થશે અને 28 ઓગસ્ટના રોજ રક્ષાબંધનના તહેવાર સાથે સમાપ્ત થશે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ જાહેરાત કરી કે આ યાત્રા કુલ 57 દિવસ ચાલશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સિન્હાએ જણાવ્યું કે ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે કરવામાં આવતી પ્રથમ પૂજા 29 જૂને જ્યેષ્ઠ પૂર્ણિમાના અવસરે યોજાશે. તેમણે એમ પણ કહ્યું કે યાત્રા માટે અગાઉથી નોંધણી 15 એપ્રિલથી ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે શરૂ થશે.

નોંધણી સુવિધાઓ દેશભરમાં બેંકોની 554 શાખાઓ પર ઉપલબ્ધ રહેશે, જેમાં જમ્મુ અને કાશ્મીર બેંક, પંજાબ નેશનલ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને યસ બેંકનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# MANIPUR - ILLEGAL BUNKERS

મણિપુરમાં સુરક્ષા દળોએ ઉખરુલ જિલ્લામાં 21 ગેરકાયદેસર બંકરોનો નાશ કર્યો છે. સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે, તેમણે એક અલગ કાર્યવાહીમાં તેંગનોપાલ જિલ્લામાંથી 13 ઇમ્પ્રુવાઇઝ્ડ વિસ્ફોટક ઉપકરણો IED પણ જપ્ત કર્યા છે.

સુરક્ષા દળોએ સિકિબુંગ ગામમાં 14 અને મોંગકોટ ચેપુમાં સાત બંકરોનો નાશ કર્યો હતો. 11 ખાલી કારતૂસના શેલ જપ્ત કરવામાં આવ્યા હતા. અન્ય એક કાર્યવાહીમાં, સુરક્ષા દળોએ ગઈકાલે તેંગનોપાલ જિલ્લાના મોરેહ વિસ્તારમાં શસ્ત્રો અને દારૂગોળોનો જથ્થો જપ્ત કર્યો હતો.

# REV. MORN. IRAN US TALKS

પાકિસ્તાનના પાટનગર ઇસ્લામાબાદમાં લગભગ 21 કલાકની વાટાઘાટો પછી અમેરિકા અને ઇરાન વચ્ચેની વાટાઘાટો કોઈ કરાર વિના સમાપ્ત થઈ ગઈ છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે જણાવ્યું હતું કે ચર્ચાઓ મહત્વપૂર્ણ હતી પરંતુ કોઈ કરાર થયો નથી.

## BYTE: SI-JDVANCE

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, મતભેદનું મૂળ વોશિંગ્ટનની તેહરાન તરફથી સ્પષ્ટ અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતાની માંગ છે કે શસ્ત્રીકરણ તરફ લઇજનારી પરમાણુ શસ્ત્રો અથવા ક્ષમતાઓને પડતી મૂકે. તેમણે ઉમેર્યું કે હવે ઇરાન સમક્ષ અંતિમ અને શ્રેષ્ઠ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે અને વોશિંગ્ટન તેહરાનના પ્રતિભાવની રાહ જોઈ રહ્યું છે.

ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઇરાનની સરકાર દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરાયેલા અગાઉના નિવેદનમાં, તેહરાને સંકેત આપ્યો હતો કે કેટલાક મતભેદો વણઉકેલાયેલા હોવા છતાં પણ વાતચીત ચાલતી રહેશે.

# ASHA BHOSLE

સુપ્રસિદ્ધ ગાયિકા અને પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા આશા ભોંસલેનું આજે મુંબઈમાં 92 વર્ષની વયે અવસાન થયું.

મહારાષ્ટ્રના સાંસ્કૃતિક મંત્રી આશિષ શેલારે હોસ્પિટલની બહાર મીડિયા સાથે વાત કરતા આ સમાચારની પુષ્ટિ કરી. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે સાંજે 4 વાગ્યે શિવાજી પાર્ક ખાતે કરવામાં આવશે.

તેમને ગઈકાલે સાંજે છાતીમાં ચેપ અને થાકને કારણે મુંબઈની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, આમ કે તેમની પૌત્રી ઝનાઈ ભોંસલેએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું.

આઠ દાયકાથી વધુ લાંબી કારકિર્દી ધરાવતા આશા ભોંસલે તેમની બહુમુખી પ્રતિભા માટે જાણીતા હતા.

# MP ACCIDENT

મધ્યપ્રદેશના ડિંડોરી જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં પાંચના મોત અને એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, જબલપુર-અમરકંટક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ગડાસરાય પોલીસ સ્ટેશન વિસ્તારમાં કિકતલાબ ગામ નજીક આ અકસ્માત મોડી રાત્રે થયો હતો. બધા લોકો પિકઅપ વાહનમાં ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે એક ટ્રકે તેમને ટક્કર મારી હતી. અકસ્માતમાં પિકઅપ વાહનના ડ્રાઇવર સહિત પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. પોલીસે ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરી છે.

# IPL

IPL ક્રિકેટમાં, આજે પ્રથમ મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે. આ મેચ બપોરે 3:30 વાગ્યે રમાશે. જ્યારે બીજી મેચમાં, મુંબઈ ઇન્ડિયન્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે રમાશે.

દરમિયાન ગઈકાલે ચેન્નાઈ સુપર કિંગ્સે દિલ્હી કેપિટલ્સને 23 રનથી હરાવીને સીઝનની પોતાની પહેલી જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈએ સંજુ સેમસનના અણનમ 115 રનની મદદથી બે વિકેટે 212 રન બનાવ્યા. જવાબમાં, દિલ્હી કેપિટલ્સની ટીમ 20 ઓવરમાં 189 રનમાં ઓલઆઉટ થઈ હતી. સંજુ સેમસનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

# CHINA TAIWAN

ચીને જાહેરાત કરી કે, તે તાઇવાન સાથેના તેના કેટલાક સ્થગિત સંબંધો ફરી શરૂ કરશે, જેમાં ચીનના શહેરો માટે સીધી ફ્લાઇટ્સ અને તાઇવાનના જળચરઉછેર ઉત્પાદનોની આયાતનો સમાવેશ થાય છે.

એક નિવેદનમાં ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી હેઠળના તાઇવાન વર્ક ઓફિસે જણાવ્યું કે તે કુઓમિન્ટાંગ સાથે નિયમિત સંદેશાવ્યવહાર પદ્ધતિ સ્થાપિત કરવાના પ્રયાસ આદરશે. શુક્રવારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને કુઓમિન્ટાંગ નેતા ચેંગ લી-વુન વચ્ચેની બેઠક બાદ આ જાહેરાત કરવામાં આવી. બંને પક્ષોએ શાંતિ માટેના પ્રયાસો આદર્યા છે. જોકે કોઈ ચોક્કસ વિગતો શેર કરવામાં આવી ન હતી.

2016થી, જ્યારે ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીના ત્સાઇ ઇંગ-વેન રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા ત્યારથી ચીન અને તાઇવાન વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ રહ્યા છે. ત્યારથી, બેઇજિંગે તાઇપેઈમાં તાઇવાન સરકાર સાથે મોટાભાગની સત્તાવાર વાતચીત સ્થગિત કરી દીધી છે અને ટાપુની આસપાસ લશ્કરી પ્રવૃત્તિમાં વધારો કર્યો છે.